# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-07-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સાંસદ કચ્છ કાર્નિવલ

**કચ્છી નવા વર્ષ અષાઢી બીજના દિવસે ૧૬ જુલાઈએ ભુજમાં સતત બીજા વર્ષે 'સાંસદ કચ્છ કાર્નિવલ'નું આયોજન કરાયું છે. આ અંગે સાંસદ વિનોદ ચાવડાએ પત્રકાર પરિષદ યોજી માહિતી આપતા જણાવ્યું હતું કે, ગત વર્ષ કરતાં આ વર્ષે કાર્નિવલને વધુ ભવ્ય સ્વરૂપ અપાયું છે. આ વખતે ૬૦થી વધુ કૃતિઓ જોડાશે જે કચ્છની પરંપરા, સંસ્કૃતિ, રીતભાત, ઇતીહાસ અને કલાને ઉજાગર કરશે. સાંસદ કચ્છ કાર્નિવલ વિશે વધુ માહિતી આપતા સાંસદ વિનોદ ચાવડાએ આ મુજબ જણાવ્યું.**

**(બાઇટ : સાંસદ વિનોદ ચાવડા).**

**-----------------------------------------------------------------------------------------------**

## રાજ્યમાં વરસાદ

**હવામાન વિભાગની આગાહીઅનુસાર,ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આગામી સાત દિવસ દરમિયાન અમુક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. હાલમાં ચોમાસાની સિસ્ટમ સક્રિય હોવાની સાથે ઉત્તર પ્રદેશમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. આ તરફ દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૦થી ૬૦ કિમીનીઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોઈ માછીમારોને બે દિવસ દરિયો ન ખેડવા ચેતવણી અપાઈ છે.રાજ્યમાં ૧ જૂનથી ૧૧ જુલાઈ સુધીમાં ૧૬૨.૫ મિમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૧૭% ઓછો છે. ગુજરાત પ્રદેશમાં ૧૦% જ્યારે સૌરાષ્ટ્રઅને કચ્છ પંથકમાં ૨૬% વરસાદની ઘટ વર્તાઈ રહી છે. ચાલુ સિઝનમાં હજી સુધી કચ્છના મોટાભાગનાવિસ્તારો મેઘકૃપાથી વંચિત રહ્યા છે, જ્યાં કાં તો નહિવત વરસાદ નોંધાયો છે અથવા**

માત્ર હળવા છાંટાજ પડ્યા છે.બીજી તરફ, કચ્છ જિલ્લામાં મેઘરાજાની કાગડોળે રાહ જોવાઈ રહી છે, ત્યારે વહેલી સવારથી ૨૦થી ૩૦ કિમીની ઝડપે ફૂંકાયેલા ભારે પવનને કારણે ધૂળની ડમરીઓ ઊડી હતી, જેને પગલે વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

-----------------------------------------------------------------------------------------------

## જાહેરનામું

ચોમાસાની ઋતુમાં ડૂબી જવાની દુર્ઘટનાઓ અટકાવવા કચ્છ જિલ્લામાં પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરાયા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ કોટડીયાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું બહાર પાડી તમામ નદી, નહેર, ચેકડેમ, ધોધ અને કોઝ-વે જેવા ભયજનક સ્થળોએ ન્હાવા, કપડાં ધોવા કે માછીમારી કરવા પર પ્રતિબંધ મૂક્યો છે.આ ઉપરાંત દરિયા કિનારેપાણીમાં પ્રવેશવા કે જોખમી રીતે ઊભા રહી સેલ્ફી લેવા પર પણ રોક લગાવાઈ છે. પાણીના વહેણ દરમિયાન કોઝ-વે પરથી વાહનો પસાર કરવા નહીં. **5** સપ્ટેમ્બર **2026** સુધી આ જાહેરનામુંઅમલી રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કડક કાનૂની કાર્યવાહી કરાશે.

-----------------------------------------------------------------------------------------------

## ફિશરમેન અવેરનેસ કાર્યક્રમ

નારાયણ સરોવર ખાતે શુક્રવારે ફિશરમેન અવેરનેસ કાર્યક્રમમાં દરિયાઇ સુરક્ષા, ગેરકાયદે પ્રવૃત્તિઓ પર નજર રાખવા તેમજ કાયદાકીય જોગવાઇઓ અંગે માર્ગદર્શનઅપાયું હતું. અધીક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા અને અધિક પોલીસ મહાનિરીક્ષક એ.એમ. મુનિયાના માર્ગદર્શન તેમજ પોલીસ અધિક્ષક અને મરીન સેક્ટર કમાન્ડર એસ.જે પરમારના નિર્દેશાનુસાર યોજાયેલા કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને માછીમારી વ્યવસાય સાથે સંકળાયેલા લોકો જોડાયા હતા. માછીમારી દરમિયાન કોઇ અજાણી બોટ, શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલ, ડ્રગ્સ અથવા અન્ય શંકાસ્પદ પેકેટ, બેગ, ડ્રોન, દાણચોરી અથવા કેફી પદાર્થોની હેરાફેરી જેવી ગેરકાયદે પ્રવૃતિ નજરે ચડે તો તાત્કાલિક સુરક્ષા એજન્સીઓને જાણ કરવા અનુરોધ કરાયો હતો.

---

## કચ્છ યુનિવર્સિટીમાં વૃક્ષારોપણ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'એક પેડ મા કે નામ' સંકલ્પ અંતર્ગત તાજેતરમાં કચ્છ યુનિવર્સિટીઅને જીતો ભુજ ચેપ્ટરના એમઓયુ હેઠળ યુનિવર્સિટી કેમ્પસ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયોહતો. આ પ્રસંગે કુલપતિ ડો. મોહન પટેલ, જીતો ભુજના ચીફ સેક્રેટરી બીરજુભાઈ શાહસહિતના અગ્રણીઓએ તુલસીના છોડનું રોપણ કરીને કાર્યક્રમની શરૂઆત કરીહતી. આ તકે પર્યાવરણ સંરક્ષણ અને શૈક્ષણિક સહયોગને વધુ મજબૂત બનાવવા અંગે વિચાર-વિમર્શકરાયો હતો. કાર્યક્રમમાં વિવિધ વિભાગોના અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.**

---

## બ્રિજ પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ

**રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૯૨૭સી પર રાપર અને બાલાસર વચ્ચે ખારી નદી પર આવેલા જૂના બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ કોટડીયાએ જાહેરનામું બહાર પાડી આ પ્રતિબંધ આગામી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી લંબાવ્યો છે. ભારે વાહનો માટે વૈકલ્પિક માર્ગ તરીકે 'રાપર-કલ્યાણપર-સેલારી-ફતેહગઢ-મૌવાણા-બાલાસર' રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.**

---